ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૯૦/૧૮-૧૯/ 1736 તારીખ 9 MAY 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
મે. જોલી સ્પીનીગ મિલ્સ પ્રા.લી.,
સર્વે નં.૨૩, થાનગઢ રોડ,
મુ.ચોટીલા, જી.સુરેન્દ્રનગર-૩૬૩ ૫૨૦.
**ફો.નં. (૦૨૭૫૧) ૨૮૧૮૧૧.**

કેસ નં.૧૯૦/૧૮-૧૯

**વિષય : એચ.ટી. કનેકશનના વીજબીલમાં ભુલ સુધારવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૬/૦૩/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૦/૧૮-૧૯/૧૦૪૩ તા.૧૫/૦૩/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯૦/૧૮-૧૯/૧૩૪૫ તા.૦૫/૦૪/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ <u>તા.૧૬/૦૪/૨૦૧૯</u> નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L. Bhavnagar.

## (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૯૦/૧૮–૧૯** ☜

વાદી :– મે. જોલી સ્પીનીગ મિલ્સ પ્રા.લી.

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૬.૦૪.૨૦૧૯** ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. જોલી સ્પીનીગ મિલ્સ પ્રા.લી., મુ.ચોટીલા, જી.સુરેન્દ્રનગર ની એચ.ટી. કનેકશનના વીજબીલમાં ભૂલ સુધારવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૯૦/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૯૦/૧૮–૧૯/૧૦૪૩ તા.૧૫.૦૩.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૬.૦૪.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો જોલી સ્પીનીગ મિલ્સ પ્રા. લીમીટેડના નામનું ૨૦૦૦ કેવીએનું કનેકશન નં. ૧૮૬૩૩ ધરાવીએ છીએ. રીલીઝ તા.૧૯.૧૦.૨૦૧૪ છે. આ કનેકશનનો ફકત મેન્યુ.માં વપરાશ થાય છે, આ કનેકશનમાં સ્ટાફ કવાર્ટર આવેલ નથી.

૧.૨ ગાંધીનગરથી અમોને વીજકર માફી પ્રમાણપત્ર મળેલ છે. અમોએ શરૂઆતથી નવેમ્બર ૨૦૧૫ સુધીની ભરેલ ડયુટીમાંથી વીજકર રૂા.૧,૨૯,૧૨,૦૨૫.૧૬ વસુલી અમોને રૂા.૧,૨૮,૩૬,૧૦૫.૨૨ જમા આપેલ છે. અમોને

..૨..

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

ફેકટરી લાઈટીગ, ઓફીસ લાઈટીગ અને મેન્યુ. પર વીજકર માફ મળેલ છે. સ્ટાફ કવાર્ટર કે કેન્ટીન આવેલ નથી, તેથી આપે કાપેલ રૂા.૭૫,૯૧૯.૯૪ જમા આપવાના થાય છે.

૧.૩ અમો અમારી ફેકટરીમાં નાઈટ પણ ચલાવીએ છીએ. તમો શરૂઆતથી જુલાઈ ૨૦૧૫ સુધી નાઈટના યુનિટ બીલમાં લીધેલ જ નથી અને નિયમ મુજબનું નાઈટ રીબેટ આપેલ નથી. શરૂઆતથી જુલાઈ ૨૦૧૫ સુધીના બીલોમાં નિયમ મુજબનો નાઈટ ચાર્જ રીબેટ આપવા નમ્ર વિનંતી છે.

૧.૪ અમારા બીલમાં એનર્જી ચાર્જમાંથી નાઈટ રીબેટ બાદ કરીને પછીની રકમ પર પાવર ફેકટર પેનલ્ટી/ રીબેટ અને ઈએચવી રીબેટ આપે છે. ટેરીફ પારા નં.૧૪.૨ મુજબ એનર્જી ચાર્જ (= યુનિટ X લાગુ પડતો રેઈટ) પર પાવર ફેકટર પેનલ્ટી / રીબેટ આપવાનો હોય છે. આ ઉપરાંત જીયુવીએનએલના પરીપત્ર નં.૬૧૧ તા.૨૯.૦૫.૧૮ માં પણ સ્પષ્ટ જણાવે છે કે નાઈટ રીબેટ બાદ કર્યા વગરના એનર્જી ચાર્જ પર પીએફ પેનલ્ટી/ રીબેટ આપવું. આપ સાહેબને નમ્ર વિનંતી કે નિયમ મુજબના અમારા રીબેટ અમોને હવે પછીના બીલમાં જમા આપવા માટે હુકમ કરવા વિનંતી.

૧.૫ અમારા ઉપરોકત નિયમ મુજબની માંગણીને મંજુર કરતા નથી, તેથી આપ નામદાર સાહેબ પાસે રજુઆત કરવાની ફરજ પડેલ છે. આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે કે અમારી નિયમ મુજબની માંગણી મંજુર કરી અમારી કાયદેસરની નીકળીતી રકમ તાત્કાલીક અમારા હવે પછીના બીલમાં જમા આપે તેવો હુકમ કરવા યોગ્ય કરશો.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ મે. જોલી સ્પીનીગ મિલ્સ પ્રા.લી. દવારા રજુઆત કરેલ છે કે ઈલેકટ્રીસીટી ડયુટીમાં રીફંડ ઓછું આપેલ છે અને રૂા.૭૫૯૧૯.૯૪ આપવાના થાય છે. પરંતુ સદર કેસનો અભ્યાસ કર્યા બાદ અને કેસ રીલેટેડ તેની હીસ્ટ્રીની ચકાસણી કર્યા બાદ તેની ઈલેકટ્રીસીટી ડયુટીમાં રીવાઈઝડ ગણતરી કર્યા પછી હાલના તબકકે પીજીવીસીએલ, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગરને રૂા.૫,૨૭,૨૮૫.૯૬ લેવાના થાય છે. જે તે સમયે થયેલ ભુલના કારણે ગ્રાહકને રૂા.૧,૨૮,૩૬,૧૦૫.૨૨ જમા આપેલ, ખરેખર જમા આપવાપાત્ર રૂા.૧,૨૩,૦૮,૮૧૯.૨૬ હતાં, જેની ગણતરી પત્રક–૧ આ સાથે સામેલ છે. ( તારણ ન. ૨.૩ )

૨.૨ મે. જોલી સ્પીનીગ મિલ્સ પ્રા.લી. દવારા રજુઆત કરેલ છે કે જુલાઈ–૨૦૧૫ સુધી અમોને કોઈ નાઈટ રીબેટ મળેલ નથી. પરંતુ હાલના તબકકે અત્રેની કચેરી દવારા ચકાસણી કરતાં, જે તે સમયે જુલાઈ ૨૦૧૫ સુધી નાઈટ યુનિટ સિસ્ટમમાં નાખેલ નથી. અને જે તે સમયે થયેલ ભૂલ વાદી કે પ્રતિવાદીનાં ધ્યાનમાં આવેલ નથી. ત્રણ વર્ષથી વધુ સમય વીતી ગયા બાદ ગ્રાહક દવારા નાઈટ રીબેટની માગણી કરવામાં આવેલ છે. જે હાલના તબકકે આપવાપાત્ર જણાતું નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.3

| SR NO. | MONTH | BILLED ED | REFUNDED ED AMT | TO BE RECOVERED(-)/ REFUNDED(+) AS PER ED EXEMPTION CERTIFICATE | DIFF. TO BE RECOVERED | REMARKS |
|---|---|---|---|---|---|---|
| 1 | Oct-14 | 75919.94 | 0 | -252809.31 | 252809.31 | PRORATA RECOVERY FOR 02-10-2014 TO 09-11-2014 |
| 2 | Nov-14 | 371358.08 | 371358.08 | 68064.05 | 303294.03 | PRORATA REFUND FOR 10-11 -2014 TO 16-11-2014 |
| 3 | Dec-14 | 864959.37 | 864959.37 | 864959.37 | 0 | |
| 4 | Jan-15 | 993667.10 | 993667.10 | 993667.1 | 0 | |
| 5 | | 26742.82 | 0.00 | 26742.82 | -26742.82 | ADJ. IN ED DUE TO FCA REVISE FROM 1.35 TO 1.65 WEF JAN-15 |
| 6 | Feb-15 | 1031052.66 | 1031052.66 | 1031052.66 | 0 | |
| 7 | Mar-15 | 869683.99 | 869683.99 | 869683.99 | 0 | |
| 8 | Apr-15 | 1105745.54 | 1105745.54 | 1105745.54 | 0 | |
| 9 | | 15908.95 | 0.00 | 15908.95 | -15908.95 | PRORATA ADJUSTMENT FOR TARIFF CHANGE |
| 10 | May-15 | 1085563.04 | 1085563.04 | 1085563.04 | 0 | |
| 11 | Jun-15 | 1114905.75 | 1114905.75 | 1114905.75 | 0 | |
| 12 | Jul-15 | 1043487.26 | 1043487.26 | 1043487.26 | 0 | |
| 13 | | -13834.39 | 0.00 | -13834.39 | 13834.39 | ADJ. IN ED DUE TO FCA REVISE FROM 1.60 TO 1.42 WEF JUL-15 |
| 14 | Aug-15 | 1129801.34 | 1129801.34 | 1129801.34 | 0 | |
| 15 | Sep-15 | 1050395.62 | 1050395.62 | 1050395.62 | 0 | |
| 16 | Oct-15 | 1033271.50 | 1033271.50 | 1033271.5 | 0 | |
| 17 | Nov-15 | 1142213.97 | 1142213.97 | 1142213.97 | 0 | |
| TOTAL | | 12940842.54 | 12836105.22 | 12308819.26 | 527285.96 | |

૨.૪. મે. જોલી સ્પીનીગ મિલ્સ પ્રા.લી. દવારા એનર્જી ચાર્જમાંથી નાઈટ રીબેટ બાદ કરીને પછીની રકમ પર પાવર ફેકટર પર પેનલ્ટી/ રીબેટ આપવામાં આવે તેવી રજુઆત છે. પરંતુ સદર બાબતે જણાવવાનું કે એચ.ટી. બીલીગની બાબતોમાં જરૂરી પેરામીટરની એન્ટ્રી થયે સીસ્ટમ પ્રોગ્રામ મુજબનું બીલ ફેબ્રુઆરી–૧૯ સુધી અગાઉના એચ.ટી. બીલીગ પ્રોગ્રામ મુજબ બનાવવામાં આવેલ હતું, જેમાં મેન્યુઅલ હસ્તક્ષેપને કોઈ અવકાશ નથી. પરંતુ સદર બાબતમાં માર્ચ–૧૯ થી ઈ–ઉર્જાનાં એચ.ટી. બીલીગમાં મોડયુલમાં જી.યુ.વી.એન.એલ. ની એપ્રુવલ લઈને

Grievance Redressal Fo
P.G.V.C.L.
...agar.

ટેરીફનાં પારા નંબર ૧૪.૨ અને ૧૪.૬ મુજબ નિગમીત કચેરીના આઈ.ટી. વિભાગ દવારા ફેરફાર કરવામાં આવેલ છે, અને પાવર ફેકટરની ગણતરી એનર્જી ચાર્જ પર જે ધ્યાને લેવામાં આવેલ છે, આમ માર્ચ–૧૯ થી એચ.ટી. બીલીંગ સીસ્ટમમાં ટેરીફ મુજબ જ બીલીંગ થાય છે.

☛ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર મે. જોલી સ્પીનીગ મિલ્સ પ્રા.લી.ના નામનું સીઝનલ એચ.ટી. કનેકશન ગ્રાહક નં.૧૮૬૩૩ થી ૨૦૦૦ કે.વી.એ. નું ગામ–ચોટીલા ખાતે ધરાવે છે.

૩.૨ વાદીએ ફોરમને રજુઆત કરેલ છે કે તેઓને ફેકટરી લાઈટીગ, ઓફીસ લાઈટીગ પર વીજકર માફ મળેલ છે. સ્ટાફ કવાર્ટર કે કેન્ટીન આવેલ નથી તેથી તેઓને પ્રતિવાદી દવારા રૂા.૭૫,૯૧૯.૯૪ જમા આપવાના થાય છે.

૩.૩ પ્રતિવાદીએ ફોરમને રજુ કરેલ જવાબમાં જણાવેલ છે કે ખરેખર કેસનો અભ્યાસ કર્યા બાદ વાદીનાં વીજજોડાણમાં ઈલે. ડયુટીની ગણતરી કરતાં રીવાઈઝડ ગણતરી મુજબ પ્રતિવાદીને રૂા.૫,૨૭,૨૮૫.૯૬ લેવાના થાય છે અને પ્રતિવાદીએ તે માટેનું ગણત્રી પત્રક ફોરમને રજુ કરેલ છે.

૩.૪ વાદીએ તેમના વીજજોડાણમાં લગાડવામાં આવતી ઈલેકટ્રીક ડયુટી અંગેની તકરાર ફોરમ સમક્ષ રજુ કરેલ છે. ઈલેકટ્રીક ડયુટી અંગેની તકરાર ફોરમની હકુમતમાં આવતી ન હોય, આ બાબતે ફોરમે હુકમ કરવાનો રહેતો નથી. વાદીએ ઈલેકટ્રીક ડયુટી અંગેની તકરાર સક્ષમ ઓથોરીટી પાસે રજુઆત કરવી. આ આ અંગેનો કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

૩.૫ વાદીની સીઝનલ એચ.ટી. કનેકશન ધરાવે છે. વાદીની રજુઆત છે કે તેઓનું વીજજોડાણ તા.૧૯.૧૦.૨૦૧૪ ના રોજ ચાલુ થયું ત્યારથી જુલાઈ ૨૦૧૫ સુધી નિયમ મુજબ રાત્રીનાં વપરાશ પર નાઈટ રીબેટ પ્રતિવાદીએ આપેલ નથી.

૩.૬ વાદીનું વીજજોડાણ HTP–૧ ટેરીફ મુજબ થાય છે. એચ.ટી.પી.–૧ ના ટેરીફ શેડયુઅલ ૧૪.૧૦ મુજબઃ–

- 14.10 CONSESSION FOR USE OF ELE. DURING NIGHT HOURS:

  For the consumer eligible for using supply at anytime during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10:00 PM to 06:00 AM next morning shall be eligible for concession at the rate of 40 paisa per unit.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

પ્રતિવાદી દવારા વાદીના એચ.ટી. કનેકશનનું બીલીગ સીઝનલ ગ્રાહક તરીકે કરવામાં આવે છે અને તેના કલોઝ નં.૧૪.૧૦ મુજબ નાઈટ કન્ઝમ્પશન પર આપવું પડતું ૪૦ પૈસા પ્રતિ યુનિટનું કન્સેશન આપવામાં આવતું નથી.

૩.૭ ટેરીફના કલોઝ નં.૧૪.૧૦ મુજબ રાત્રીનાં ૧૦ થી સવારનાં ૬ વાગ્યા સુધીની વીજ વપરાશ પર પ્રતિ યુનિટ ૪૦ પૈસાનું રીબેટ આપવા માટેનું પ્રોવીઝન જી.ઈ.આર.સી. ના ટેરીફ ઓર્ડર મુજબ ફાઈનાન્સીયલ વર્ષ ૨૦૧૬–૧૭ થી દાખલ કરેલ છે.

જી.ઈ.આર.સી. ના ટેરીફ ફોર ફાઈનાન્સીયલ વર્ષ ૨૦૧૬–૧૭ ના કલોઝ નં.૧૪.૧૦ મુજબ "For the consumer eligible for using supply at anytime during 24 hours, entire consumption shall be billed at the energy charges specified above. However, the energy consumed during night hours of 10:00 PM to 06:00 AM next morning shall be eligible for concession at the rate of 40 paisa per unit."

આમ, વર્ષ ૨૦૧૬–૧૭ થી રાત્રીનાં વીજ વપરાશ પર ૪૦ પૈસાનું રીબેટ પ્રોવીઝન ટેરીફમાં થયેલ.

૩.૮ વાદીને જુલાઈ–'૧૫ પહેલા તેની રાત્રીના વીજ વપરાશ પર નાઈટ રીબેટ મળતું નથી, તેવી રજુઆત છે. વાદીએ આશરે ૪ વર્ષ પછી પ્રતિવાદીની સક્ષમ ઓથોરીટીને રજુઆત કરેલ નથી અને આશરે ૪ વર્ષ પછી ફોરમને રજુઆત કરેલ છે આથી જી.ઈ.આર.સી. ના નોટીફીકેશન નં.૨/૨૦૧૧ ના કલોઝ નં.૨.૩૦(૩) મુજબ વાદી ફરીયાદ કરવા હકકદાર રહેતો નથી.

૩.૯ ઉપરોકત તારણ નં. ૩.૮ મુજબ વાદીની ફોરમને કરેલ રજુઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

૪.૦ વાદીની ફોરમને રજુઆત મુજબ તેઓનાં માસિક વીજ વપરાશમાંથી નાઈટ રીબેટ બાદ કરીને પછી પાવર ફેકટર પર પેનલ્ટી કે રીબેટ લગાડવામાં આવે છે જયારે તેઓને પાવર ફેકટર પેનલ્ટી અથવા રીબેટ ટેરીફનાં કલોઝ નં.૧૪.૨ મુજબ આપવું જોઈએ.

૪.૧ ટેરીફના કલોઝ નં.૧૪.૬.૨ (Tarfif for F.Y. 2018-19) પાવર ફેકટર રીબેટ મુજબ "If the power factor of the consumer's installation in any month is above 95 %, the consumer will be entititled to a rebate at the rate of 0.5% (half percent) in excess of 95% power factor on the total amount of electricity bill for that month under the head "Energy Charges", arrived at using tariff as per 14.2 of this schedule, for every 1% rise or part thereof in the average power factor during the month above 95%.

૪.૨ પ્રતિવાદીનાં એચ.ટી. બીલીગ પ્રોગ્રામમાં ઈ–ઉર્જા બીલીગ સીસ્ટમમાં ટેરીફના કલોઝ નં. ૧૪.૬.૨ અને ૧૪.૭ મુજબનું પ્રોવીઝન ન હોઈ, વાદીને તે મુજબ રીબેટ મળતું ન હતું.



Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

પ્રતિવાદીનાં જણાવ્યા મુજબ માર્ચ–'૧૯ થી ૧૪.૨ અને ૧૪.૬ મુજબ ઈ–ઉર્જા એચ.ટી. બીલીગ સીસ્ટમમાં પ્રોવીઝન કરેલ હોય પ્રતિવાદીને માર્ચ–'૧૯ થી ટેરીફ મુજબ પાવર ફેક્ટર પર રીબેટ કે પેનલ્ટી લગાડવામાં આવે છે.

૪.૩ વાદીએ પાવર ફેક્ટર રીબેટ માટે ફોરમને તા.૦૬.૦૩.૨૦૧૯ ના રોજ રજુઆત કરેલ હોય વાદી માર્ચ–'૧૯ થી પાવર ફેક્ટર રીબેટ મેળવવા માટે હકકદાર બને છે પરંતુ પ્રતિવાદીનાં જણાવ્યા મુજબ માર્ચ–'૧૯ થી ટેરીફ ના ક્લોઝ નં.૧૪.૨ અને ૧૪.૬ મુજબ પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જ ગણવામાં આવે છે આથી ફોરમને કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૪, ૩.૯ અને ૪.૩ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**( પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :–**૧૬.૦૪.૨૦૧૯.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.